જવાબ :– શ્રીજીને સનમુખ થવાના ત્રણ પ્રકાર છે તે કહીએ છીએ (૧) પ્રથમ તો ભગવદીનો સંગ કરે ત્યારે અન્યાસરો તથા વિજાતીની સંગત આદી જે છે તે સર્વે છુટે. ત્યારે તે ભગવદીની કાને કરી શ્રીજી સબંધ કરવાવે જ કરવાવે. (૨) બીજું તે શ્રીજીનાં સ્વરૂપ સબંધની વસ્તુ જે શ્રી પાદુકાજી આદે દઇ છે તે તેસું સબંધ કરે, મહદોકત પ્રકારે વાછલ્યતાસું સેવા કરે, અણસમરપીત ખાન પાનથી રહીત થાય, અષ્ટ પ્રહેર સેવાની ચોંપે શ્રીજીના સ્વરૂપનું ધ્યાનજ રહે તેને પણ શ્રીજી પોતાનો સબંધ કરવાવે. તથા (૩) ત્રીજું તે લીલા ચરીત્ર અવગાહન કરે ત્યારે વ્યાસંગ થકી રહિત થાય પછી

સેવા તથા લીલા ચરીત્રનો મારગ જાણે ત્યારે શ્રીજીનાં સબંધ થવાની આશા કહીએ. જ્યારે પણ અષ્ટપહોર સ્વરૂપ સબંધ થાવાની આરત થાય ત્યારે પણ સ્વરૂપનો સબંધ કરાવાવે. તો સ્વરૂપ સબંધ થાવાના ત્રણ પ્રકાર છે. પ્રથમ ભગવદીનો સંગ થાય ત્યારે, પછી સેવા તથા લીલા ચરીત્રનો મારગ જાણે ત્યારે શ્રીજીનાં સ્વરૂપનો સબંધ થાવાની આશા કહીએ. તે તો અનુભવી સમાજ તો ચાલ્યો ને જે છે તે પણ ચાલ્યામાંજ છે. તો જયારે તે સર્વ સમાજ ચાલ્યો ત્યારે તો યહાં સુતા રહેવુંજ ને ? હવે તો ત્યાર પછી હવે તો એક લીલાચરિત્ર તથા એ સેવાનાં પ્રસંગની સ્થિતિ છે તો એ બેહુ પ્રસંગસું મહદોકત પીઠકાએ, અનન્ય ભાવે, પતીવૃત ધર્મ, અન્યાશ્રય થકી રહીત, સ્વચ્છાએ એ બેહુ પ્રસંગથી જયારે કોઈ સબંધજ ન કરે ત્યારે શ્રી ગોકુલનાથનાં સ્વરૂપ સબંધ થવાની તે કોણ આશા ? એહવું કહયું ને કહયું જે તો હવે જાનીયે છે જે જે શ્રીજીની સૃષ્ટીનાં ત્રણ પ્રકાર લખ્યા છે જે પુષ્ટી, પ્રવાહ ને મર્યાદા એ ત્રણ પ્રકારની સૃષ્ટી છે માટે પુષ્ટ સૃષ્ટી તો શ્રીજીયે સાથે લીધી ને મર્યાદાની સૃષ્ટી સર્વ મારગ મરજાદાએ સનમુખ થઇ પણ પ્રવાહીક તે પ્રભુ સબંધ રહિતની તે તો હવે જે કો પ્રભુ સબંધની વસ્તુનાં સબંધ રહીતની પેઠે જેકો જીવશે તેને પ્રભુનો સબંધ તો નહીંજ થાય, ત્યારે તે શ્રષ્ટી પ્રભુ થકી આફરણીજ વિમુખ થાશે. ત્યારે પ્રવાહીક ધર્મ આચરશે. તે પ્રવાહીમાં મલી આસુરી જાતમાં પ્રાપ્ત થાય એહવું તેહોએ કહયું. ત્યારે જે કો પાસે બેઠો હુતો તેણે એ વાર્તા સાંભલીને ભય પામીને કહયું જો હાં હવે એહવું થાશે. એહવું જાણીને તે અનુભવી ભગવદીથી પુછયું. હવે તે પ્રસંગ લખું છું.

'જે તમે કહયું તે સાંભલ્યું પણ સેવક એક વીનંતી કરી પુછે છે તે કહો. પ્રશ્ન :- તમો કહો છો જે જેણે શ્રીજીનો સાક્ષાત અનુભવ કર્યો છે ને જેણે જેહવો પ્રકાર પ્રભુજીનો જોયો છે તથા જાણે છે તેને તો તે તરેહસેં શ્રીજીનો અનુભવ થાશે એમાંહ તો સંદેહ નથી. એ તો શ્રીજીનાં સ્વરૂપ સબંધની શ્રીજીની સૃષ્ટી. પણ આજે શ્રીજીના અનુભવીની સંતત તેને તમે કોણ સૃષ્ટીમાં ગીણુસો ?

ઉત્તર :- તે વાર ઉત્તર કહયો જે એ તે પ્રભુ ઉપયોગની સૃષ્ટી, જે અનુભવી છે, જેહોને પ્રભુ સંબંધ થયો છે, દરશ પરશ અવીલોકને વંચન વિલાસે શ્રવણ પંથે અધરામૃતને દાને કો ભાગ્યવાનને સ્વઅંગે સ્વરૂપ દાને, કોને કીએ રસે, કોને કીએ રસે. સર્વ અનુભવીને સ્વરૂપ સબંધ પાત્ર પ્રમાણે થયો છે. ને વલી થાશે જ થાશે. તે એ સ્વરૂપ સબંધની સૃષ્ટી ને તેહોની સંતતી સ્વરૂપ ઉપયોગની સૃષ્ટી.

પ્રશ્ન:- તો એ બેહુ સૃષ્ટી માંહે તારતમ્ય તે કેટલું એક ? તે કહો.

જવાબ :- ત્યારે કહયું જો તારતમ્ય તો અંગીકારનાં કરનાર શ્રી ગોકુલેશજી જાને કે જેહોને જણાવે તે જાણે. પણ આ સમે શ્રીજી રૂદય સ્થીત કરી ઇચ્છા થકી કહેવરવે છે તે કહું છું તે સાંભલો. શ્રીજીનાં સ્વરૂપ સંબંધની સૃષ્ટી તે સીધ સામગ્રી જેમ સ્ત્રીનો અવતાર. જો શ્રીજી તેને રસદાન કરવા ઉપર આવે

તો વિલંબ નહીં. ત્યાં જેમ સીધ્ધ રસોઇએ પાક કરીને તે સામગ્રી થાલે ભરી શ્રીજીના આગલ રાખીયે ને શ્રીજી તે સામગ્રી પોતે શ્રીકરે સ્પર્શ કરી રૂચીસું ભોજન કરે છે તે અનુભવી સૃષ્ટી, તેવી સામગ્રી. માટે એહને સ્વરૂપ સબંધની સૃષ્ટી કહીયે છીએ ને જે અનુભવી સૃષ્ટીની સંતતી તેહને સ્વરૂપ ઉપયોગની સૃષ્ટી એટલા માટે કહીયે છીએ જે જેમ પુરૂષ અંગે છે ને અનુભવી પણ ભાવની પ્રાબલ્યતાઇયે દેહને પતને સ્ત્રીલીંગ પામી રહસ્ય રસદાન જોગ્ય થઇને રસનું પાન કરે તથા જેમ ચોખા મગ આદે દેઇને પ્રભુજીના ઉપયોગને આણી ભંડારે ભરી રાખે ને સમારી સીધ કરી રાખે છે પણ તે તો ઉપયોગ ત્યારે આવે જ્યારે તેની સામગ્રી પેલી સામગ્રીની પેઠે એ સામગ્રી સીધ થાયે. રંચ કચાઇ રહે તો કાજ ન આવે. જેહાની કીધી સામગરી પ્રભુને ઉપયોગ આવે છે તેવા ભગવદીની સંગત પામે ત્યારે તેની સંગતે ભાવનો સંગ થાય ત્યારે તે ભગવદીની કાને શ્રીજી તેના ભાવની સરસાઇ જોઇને તે ઉપયોગની વસ્તુને પણ ઉપયોગ આણે ત્યારે ઉપયોગ આવે માટે ઉપયોગની કહીયે છીએ. સ્વરૂપ સબંધી ને ઉપયોગનીનું તારતમ્ય છે એ કહયું.

પ્રશ્ન :- તો હવે અનુભવી સૃષ્ટી તો સર્વે ચાલી છે ને છે તે પણ ચાલ્યા માહાંજ છે. તો એ આ પૃથ્વી માંહેંથી અનુભવી સૃષ્ટી ચાલી ચુકી ત્યારે તાં એ પૃથ્વી માંહેથી એ સૃષ્ટીનું દ્રષ્ટી અગોચર થયું ને જયારે અહીંયા એ ઉપયોગનીજ સૃષ્ટી રહી તો ત્યારે તમે એ સૃષ્ટીને કહો છો જે પ્રવાહીમાં મલશે તે કેમ કહો છો? ત્યારે ઉતર કહે છે.

જવાબ:- જે ઉપયોગની સૃષ્ટી છે તે ખરી પણ જયારે તે ઉપયોગ આવવાને પ્રકારે આરત સંયુકત સનમુખ રહે ને જે તે પેંડે અનુભવીય ચાલ્યા છે તે પેંડે ચાલે, દીન ભાવ રહે, શ્રી મુખના વચન જોતા સાંભલતા રહે, પ્રભુજીના સંબંધ વિના જીવતવ્ય અભાગ પોતાનું માનતા રહે, શ્રીજીની અનુભવી સૃષ્ટીની તો શી ચાલી છે જો ન્યુન ભાવીય પણ મીલે તો તેહનો પણ એ ઘણો આદર કરે, ખાન પાનાદિક જોગતા પ્રમાણે સંપત્યાનુશારે તેહોને સંતોષે ને ઉત્તમ ભાવી ભગવદી એ અનુભવીને તો એમજ જાણે જે તે કોઇ વસ્તુ છે જો એહને ઉપયોગ આણું, તન મન ધન આદી દેઇ ને સ્રી ઘર, પુત્ર આદે દઇ ને, મનશા વાચાએ તેહોને ઉપયોગ આણવાનો ઉદ્યમ કરીને ઉપયોગ આણે, પોતાની કરીને ન જાણે, સર્વ શ્રીજીની સેવા ઉપયોગી જાણી કે શ્રીજીનાં જે અનુભવી લોકો તેહોજનાં સેવા ઉપયોગની કરી જાણે ને તે વસ્તુને ઉપયોગ આણે ને ઉતમ ભાવી અનુભવીની કૃપાજ ઇચ્છતા રહે, તેહોને કીવારેહુ દુભવે નહીં, તે ઉપર કીયારે દોષ આણે નહીં, પોતાનો ઉત્કર્ષ મનમાં આણીને કીયારેહુ ભગવદીને પોતા વીશઇક દેવત ન ભણાવે ને મહદની પાછલ ચાલતા રહે, સાંભલતા રહે, પોતાને સ્વરૂપ સબંધ....... કરી જાણે એ એણી રીતે એ થકી પણ અનેક ભાંતીની શીક્ષા છે તે કયાં લગી કહીયે? જે જે શિક્ષા શ્રીજીએ પોતેથી પોતે પોતાના ભગવદીયોને

કહી છે તે તે શિક્ષાના વચનામૃત અનુભવી લોકે પોથીયોમાં લખી સંગ્રહ કર્યો છે તેહને જોતા રહે ને તેણી રીતે સનમુખ રહે ત્યારે એહ દશા તેહની જોઈ અનુભવી લોક તે પર પ્રસન્ન થઇને તેહને કૃપા કરીને પ્રભુને ઉપયોગ આણવાનું અંતઃકરણ કરે ત્યારે ઉપયોગ આવે ભાગ્યવાનનાં સબંધની કાને તેહનાં રસનો અંગીકાર કરી મનોરથ પુરણ કરે એહવું કહયું. ત્યારે ફરી પ્રશ્ન કરે છે.

પ્રશ્નઃ- જયારે પૃથ્વી માંહેથી અનુભવી લોક પધારેજ, કોઇ ન રહે ત્યારે તો તેને કોણ ઉપયોગ આણે ને એ ઉપર પ્રસન્ન તે કોણ થાય, ત્યારે શ્રીજી તે કોહોની કાને એહને સ્વરૂપ સબંધ કરવાવે ને એ તે સ્વરૂપ જોગ્ય કેમ થાય તે કહીયે.

સમાધાન :- જે જયાંહા સુધી એ અનુભવી લોક ભાગ્યવાન ભગવદીની સ્થીત છે ત્યાં સુધી તો તેહોને હીત દાને શ્રીજીના સ્વરૂપ જોગ્ય થાય ને જ્યારે અનુભવી લોક સર્વજન પૃથ્વી માંહેંથી વિજય કરી શ્રીમુખ જોયું ત્યારે તો જે કો અનુભવી લોકની સંતત છે તે તે શ્રીજીના ચરણારવીંદ સનમુખ છે, ધર્મ આચારે, નિર્મલ ભાવે મહેદ ભગવદીના આચરણની પીઠકાએ ઉત્તમ અંતઃકરણ દ્રઢતા અનન્યતાથી શ્રી ગોકુલેશજીના સ્વરૂપ વિના જગતને ત્રણવત કરી માનતા રહે, પરસ્પર મલતી પને છે, મલતો ભાવ છે, પરસ્પર તેહોના વડાઓની કાને તેહો ખાન પાનાદીક અનુભવી લોકની પીઠકાએ હાસ્ય હુલ્લાસસું ઉછવ આદી દઈને પરસ્પર સામગરી નિરદોષતાએ ઉપયોગ આણે, અનુભવી લોકનાં આચરણ મહેદોકૃત પરનાલીકાએ આચરણે ચાલે ત્યારે તે અનુભવી લોક ભગવદી સમાજ શ્રીજીને નિકટ થકાં પ્રસન્ન થઇને પ્રભુજીને ઉપયોગ આણે. તેહોને જે જે મનોરથ તથા સામગરી સર્વ ઉપયોગમાં આણે એમાં સંદેહ નહિં. માટે એ અનુભવી લોક એ પૃથ્વીમાંહેથી વિજય કીધા પછી એણીરીતે વિનીયોગ આણવાને ભાવે આણે ત્યારે વિનીયોગ થાય. એ કહયું. એ રીતે દૈન્ય ભાવે, સ્નેહ વાછલતાઇસું શ્રીજીના ચરણારવીંદ સનમુખ રહે ત્યારે તે પ્રવાહીકમા ન મલે, તેની રક્ષા શ્રીજી પોતે ઇચ્છા સામર્થે કરી સ્વરૂપ સબંધ કરવાવે ને જે કોઇ શ્રી ગોકુલેશનાં ચરણારવીંદની સનમુખતા લોપીને બીજે અનુસરે પ્રવાહી-કની પેઠે ત્યારે પ્રવાહીકમાં મલે કે ના મલે ? મલે જ મલે.

વલી સાંભલો તમે જુઓ ને વિચારો ! જદ્યપિ જે કો અનુભવી લોક છે, તેઓએ શ્રીજીનો અનુભવ કર્યો છે, શ્રીજીનાં શ્રીમુખથી ભગવદી લોકનાં ઉતકર્ષ સાંભલ્યા છે ને વલી મહેદ ભગવદીયે ભગવદીઓનો ભાવ ઉરમાંહે આણ્યો છે ને માન દીધું છે તે પણ દીઠું છે. મહદ ભકતનો દીન ભાવ એ લોકોને વીશે અનુભવ કીધો છે એ ભાંત ભાંતનાં અનુભવ કીધા છે તે ભગવદીયોને પકસ્પર કહીં કહીં મલતી પાણે ભાવ ભેદે ખાન પાનનો સંકોચ

થાય છે ત્યારે અનુભવી લોકને પરસ્પર અનાદર ઉપજે છે, એક એકનાં છીદ્ર જોવા પુંઠલ થાય છે, તેહનાં ભાવની કચાઇયે સંભાષણ ટલે છે ને વલી ફરી એક સમે એક રસ થાય છે. વલી ફરી અનાદર કરતાંને ઉભા રહે છે પણ જુદા પડતા નથી. પણ એવા તે એજ વોયામેં નહીં. શા માટે ? જે એ સર્વેનાં મુલ શ્રીજીનાં ચરણારવીંદથી લપટાણા છે તેને તે મુલથી કેમે ડીગવા ન પામે. જદપિ એ ભગવદીનાં અનાદરથી અપરાધ પડે છે. પણ જેકો ઉતમ ભાવી એ અનુભવી છે તે અપરાધ મનમાં આણુતા નથી. વલી કો સમે એકઠા થઇ બેસે છે ત્યારે શ્રીજીનાં સ્વરૂપની સુરત કરી ભાવે આલોચી દરશન કરે છે, પરસ્પર દૈન્ય ભાવ જાણીને એક એકને પ્રણામ કરી ઉઠે છે તેહ ને તે સમે તેહાની આરત જોઇને શ્રીજી તેહાનાં અપરાધ ક્ષમા કરે છે. શ્રીજી તો ગુણ ગ્રાહી છે ને તેથી અનુભવી ભગવદી અપરાધી રહેવા પામતાજ નથી. જે જે કરે છે તે સર્વ બની આવે છે પણ એ ઉપયોગની સૃષ્ટી છે ત્યાંહાં તે પરસ્પર ખાનપાનાદીક સબંધ તો છેજ નહીં ત્યારે તે અપેક્ષા તે કોની કરે ? ત્યારે તેહાને હીત સબંધ તે શાનો ? ત્યારે તે કોને બારણે તે શાને જાય ? સ્નેહ તે કોન પ્રકાર વધે ? દૈન્ય તે ક્યાંહાં થકી આવે ? અહંકાર ને અભિમાન કેમ જશે ? એ અહંકાર ને અભીમાનનો આચુરભાવ અનુભવીને રૂદે કો સમે થાય છે ત્યારે તેહાને બાધક કરે છે તો જેહાને સાક્ષાત અનુભવ નથી તો તેહાને બાધક કરે. જ કરે એ ઉપયોગની સૃષ્ટીની કાચી દશા છે. જેમ ઘરમાંહે ગેંહુ ભર્યા છે ઉપયોગ આણુવાને કાજે પણ તે કાચા છે તે જો જતને ન રહે તો સડી જાય, માંહેથી સાર વસ્તુ અણુવિનીયોગ થાય. ઉપર દેખે તાંસો ખોખા રહે ત્યારે ન તો તે સામગરીને કાજ આવે ને ન તો એ થકી વૃદ્ધ પામે માટે જો તે જતને રહે તો તે વસ્તુની સામગરી કેવલ બનેહી, સુઘૃત સંજોગ પરિપકવ થઇ સીદ્ધ થાય ત્યારે તે સ્નેહ પકચુ કહેવરાવે ત્યારે તે શ્રીજીના ઉપયોગ જોગ્ય થાય તેમ એ અનુભવીની સંતત જતને રહે ને સ્નેહ દશાયે દીનત્વશું તે દશાને પહોંચે ત્યારે પ્રભુનાં ઉપયોગી થાયે. બાકી જીવ દૈવી તો ખરા પણ જો સાચવી જાણે, સાચવી ન જાણે તો આફરડા પ્રવાહીકમાં મળી જાય ને પ્રવાહીકમાં મલી બારે વાટ થઇ ખાનપાન ભ્રષ્ટ થાય, મલેછ યોને જાયજ જાય. ત્યાંહાં પ્રશ્ન કરે છે. :-

પ્રશ્ન : સાચવે તે શું ? ન જાને તે શું તે કહો.

સમાધાન :– અંતકરણને સાચવે, અંતકરણને દ્રઢતાસું રાખે, પ્રતિવ્રત ધર્મ રાખે, વિજાતીનાં ભાવની છોત લાગવા ન દે, માર્ગનું સ્વરૂપ જાણે, પોતાનાં સ્વરૂપને જાણે, મહદનાં સ્વરૂપને તથા ભગવદીનાં સ્વરૂપને જાણે, ગેરનેવનાં સ્વરૂપને તારતમયે જાણે, લીલાનાં સ્વરૂપને જાણે ત્યારેજ શ્રી ગોકુલેશજીના રસાત્મક સ્વરૂપ જાણુવાની જોગ્યતા થાએ. અંત : કરણુની દ્રઢતા આદે દઇને કહયું છે તે રીતે અંત : કરણુને શુદ્ધ રાખી જે શ્રીજીએ

શ્રીસુખથી આગ્યા દીધી છે તે રીતે મારગની રીતમાં જાણે, તે વચનામૃત લખ્યું છે. વચનામૃત ઘણે ઠામે લખ્યા છે, તે વાંચ્યા છે પણ આ તો ભાઇ શ્યામદાસ ભાઈનાં હસ્તાક્ષરથી લખ્યું છે. વચનામૃત :– એક સમે ઉથાપને શ્રીજી ગાદી મુંઢે બેઠા હતા ત્યાંહાં ગોવરધન ભાણેજ સાથે પ્રસંગ ચાલ્યો ત્યાંહા શ્રીજીયે કહયું જે ઠાકુરકો સ્વરૂપ ઓર ધરમ ઓર દશા જે કછુ ઉતમ ગુણ કે રસ પદારથ હે સો શ્રીજી કૃપા વિનું ન પાઇયે. તે કૃપા કઇ ? જે મુખ્ય ભકત ભગવદી શ્રીજીના કૃપાપાત્ર જે હોય તેહનો સંગ કરે, તેહની સેવા કરે તેવારે ભગવદી દ્વારા શ્રીજી કૃપા કરે એ વાત શ્રી પ્રાણનાથજીએ કહી એ પ્રકાર છે.

–: મારગની રીતનો પ્રકાર :–

હવે મારગની રીત જાણ્યાનો પ્રકાર પણ અહીં લખ્યો છે તેહજ પ્રતે લખું છું. શ્રી માહાપ્રભુજી સોરમ પધાર્યા હતા ત્યાંહાં એ પ્રસંગ ચાલ્યો. ત્યારે પંચોલીજીયે શ્રી ગોપાલને પુછયું. જે આપના મારગની રીત ચાલ તે કહો. ત્યારે શ્રી ગોપાલે કહયું તમો જાણોજ છો. ત્યારે પંચોલીજીયે કહયું જે હું નથી જાણતો. ત્યારે શ્રી માહાપ્રભુજીએ શ્રી ગોપાલને કહયું જે તમે કહો. ત્યારે શ્રી ગોપાલે કહયું જે વૈશ્નવે પ્રથમ દયા રાખની, પછી ઉદારપણું રાખવું વલી વૈશ્નવનો ધર્મ જે જુઠન તથા સખડી જાલવવી. ન જાલવે તો માગરથી જાય. (મારગની રીતનો પ્રકાર પુર્ણ.)

તે તો વૃથા અહંકાર પરિપુરણ છે તેથી કો કોહોને બારણે શાનાં જાય. જ્યારે કોહાને બારણે ન જાય. ત્યારે સેવાનો સૌકર્ય કેમ થાય ? જયારે અસૌકર્યે કો કોહોની સહાય ન થાય. ત્યારે સેવાનું મંડાન કેમ ચાલે ? ત્યારે સેવા પવિત્રતાએ કેમ થાય ? ત્યારે સર્વકો સેવા કયાંથી કરે ને સેવા ન કરે ત્યારે અસમરપીત આફરડું ખાય ત્યારે એહોની બુદ્ધી કાં ભ્રષ્ટ ન થાય ? જયારે બુધ્ધી ભષ્ટ થઇ ત્યારે તેવી ક્રીયા આચરશે તો પ્રવાહીક લોકમાંહાં મીલવા માંહે તો સંદેહ નહીં. ભગવદી તો કહેજ છે જ. ફુલમાર્ગ તે સાક્ષાત સ્વરૂપને અંગીકાર તો હવે એહની કોન ગતી ને એહોનો અંગીકાર તે કોન પેંડે તે કહો.

સમાધાન :– જે રીતે ઉપર કહી આવ્યા છે તેની રીતે અછુતે ભાવે શ્રીજીનાં ચરણારવીંદ સનમુખ માર્ગ પ્રનાલીકાએ રહે તો મારગ બલે અંગીકાર ને એ શ્રીજીનાં ચરણારવીંદ દ્વારા ફલ પ્રાપ્તી છે. શ્રી ગોકુલેશજીના ચરણારવીંદ જે પાદુકાજી છે તે કેવલ સ્વરૂપ સમાન છે. શ્રીજીનાં અંગ પરશીત જે પદારથ છે તે સર્વે શ્રીજીના સ્વરૂપ સમાન, શ્રીજીનાં અંગીકૃત છે. તેહાને એહુજ સેવ્ય છે માટે એ સેવા દ્વારા જે ફલ સાક્ષાત સ્વરૂપદાને હતું તે હવે એ પાદારવીંદની સેવા દ્વારા એ ઉપયોગની સૃષ્ટીશું તે જો દ્રઢ વિશ્વાસે સનમુખતાએ સેવા

કરે ત્યારે. શ્રીગોકુલેશજી છે તે કેવલ ભાવગ્રાહી છે, ને ભગવદીને ફલ પ્રાપ્ત કરવાવે છે તે ભાવજ કરવાવે છે, ભાવ છે તે મધ્યસ્થ છે, દુતીનું કાર્ય કરી સન્મ્યા લગી પહોંચાડી અલગો રહે. એ મહદ ભકત લેખનમાં લખી આવ્યા છે માટે માર્ગ બલે અંગીકાર ને ભાવ બલે યોગ્યતા. એ સર્વ શ્રીજીના ચરણાર્વીંદ દ્વારા ફલ સીધ થાય. વલી જેહને રૂદે બલે સ્નેહ છે ત્યાંહાં શ્રીજી સ્નેહ આધીન છે માટે ભગવદીનો સંગ કરે, વાછલ્યતાએ દાસત્વ ભાવે સાવધાનીએ મહદોકત પીઠીકાએ સનમુખતાસું સેવા વીધે પ્રપન્ન હોએ ત્યારે એ ઉપયોગની સ્રષ્ટીના અંગીકાર શ્રીજીના સ્વરૂપ સમંધે થાવાનો અધીકાર થાયજ થાય. સત્ય. ભાવ બલે નિરહેતુકતાએ પ્રતિષ્ઠાએ રહીત તથા લોભ રહીત સેવા સંગ કરે તો પ્રભુ દાસના મનોરથનો સતકાર કરે. સેવા દ્વારા અંગીકાર સર્વથા થાએ. એ કહયું ત્યારે વલી પ્રશ્ન ;- શ્રીજીના પાદુકાજી દ્વારા અંગીકાર થાય એ તો નીરધાર એમાં તો સંદેહ નહિં. ત્યારે કહયું નાં એમાં તો સંદેહ નહીંજ. એ નિરધાર છે. એ માંહે સંદેહ કરે તે બહીરમુખ થાય.

પ્રશ્ન :- શ્રીજીનાં સાક્ષાત સ્વરૂપ સમાન શ્રીજીના પાદુકાજી સેવ્ય રૂપની સમાનતા કહો છો તે શું વીચારી કહો છો ? એ ચીતમાં કેમ આવે તે સમજાવી કહો.

સમાધાન :- સમાન તો હું કહું છું બાકી શ્રીજીએ પોતાના નિજ સ્વરૂપ થકી અધીક અધીકાર આપ્યો. પોતે પોતાની પાદુકાજીના સેવા દાન ભકતને આપીને પોતે નમન કર્યું છે. વલી પાદુકાજી સેવ્યનાં આગલ સમર્પ્યું પોતે આરોગ્યા છે. એ વિસ્તાર પુર્વક મહા ભાગ્યવાન પરમ ભગવદી ભાઇ શ્રી ગોપાલદાસજી વ્યારાના લખી આવ્યા છે. કોઇને તેહના લીખનનાં વાંચ્યાનો અનુભવ હશે તેહને એહ ચરણારવીંદના અધીકારનું જ્ઞાપીત થાશે. એક ભાવ શ્રી ચરણારવીંદને દાને થકી રૂદેમાં ઉપજે છે તે કહું છું જે સાંભલો. નિપટ રહસ્ય ભાવ છે. જેકો શ્રીજીનાં અંગીકૃત છે તે સર્વના ચીતની મનવૃત ચરણારવીંદને વીશે અષ્ટ પ્રહરે છે, શ્રીજીની મનવૃત તે ભકતની મનવૃત માંહેં છે તો તે ભકતનાં મનવૃત ને શ્રીજીના મનવૃત એ ચરણારવીંદને વિશે સંજોગે અષ્ટ પ્રહર વિપ્રયોગ રહિત છે તે થકી પ્રભુના ને ભકતનાં એ ઉભય મનોરથ સિધ્ધ એ ચરણાર્વિંદ દ્વારા થાય છે. તે એ ચરણારવીંદને પોતાના સ્વરૂપથી અધીકતા આપીને નમન કરે છે. ને એ ચરણારવીંદનુ પ્રસાદી પોતે આરોગે છે ને ભગવદીયોને ઘેર ઘેર એ ચરણારવીંદ દ્વારા પોતે બેસીને આરોગી ભગવદીયનું ઘણું અંગીકાર કરે છે. માટે એ ચરણાર્વીંદ દ્વારા પુર્ણ અંગીકાર છે.

પ્રશ્ન :- એ સત્ય, સંદેહ નહીં પણ શ્રી મુખ વચનો શા પ્રમાણે છે. ?

સમાધાન :- સાંભલો જે ભુતલને વિષે દાન પાત્રને હીત અનુભવદાનાર્થ શ્રી શ્રીગોકુ-

લેશજીએ પ્રાગટ કરીને રહસ્ય લીલાનું, રસીક સ્વરૂપનું સાક્ષાત દરશન દાન દેઇ ભાંતી ભાંતીના અનુભવો કરાવ્યા. તે એ મુલ અનુભવી લોકોએ મહા ઉછલ્લીત રસે અનુભવ કીધો. તેણે આપ આપણા દાનાનુસાર શ્રી ગોકુલેશજીનું સ્વરૂપ જાણ્યું. નેત્ર રૂદેને વીશે શ્રીજીનાં સ્વરૂપની સાક્ષાત સ્થીત થઇ તો તે ભગવદી લોકે હૃદય સ્થીતે શ્રી માહાપ્રભુજીની સેવા સાક્ષાત વાછલ્ય ધર્મે કીધી. તે તો હવે જયારે શ્રી માહા પ્રભુજીએ અંતરધ્યાન લીલા દેખાડી ત્યારે જે કો અનુભવી લોકોની સ્થીત શ્રી મહાપ્રભુની ઇચ્છાની પ્રાબલ્યથી શ્રી મહાપ્રભુજીનાં પ્રાગટની પુર્ણતાને અર્થે રાખી. ત્યારે અનુભવી લોકે શ્રીજીનાં મનોરથ અનુસારે મહદચરણ એ શ્રીજીનાં સ્વરૂપ સંજુકતે સેવા દ્વારા સુરત કરી કરી વિપ્રયોગ દશામાંહે શ્રીજીનાં દાન કીધેલ પાદુકાજી સેવ્ય રૂપની સેવા કરી યાવદ જીવતવ્ય વીતીત કીધા, એમ નિર્વાહ કર્યો ને એ તે દેહ પતન થયા પછી જઇ જઇ શ્રીમુખ નીરખ્યું. હવે એ શ્રી મહાપ્રભુજીના પ્રાગટની પુર્ણતા તો પ્રાગટ થકી લઇને લીલા સંપુર્ણ લગી અનેક ભાંતે સીધ થઇ. તે તો અનુભવી લોકે લીલા ચરીત્રજ સર્વત્ર કહી કહી આવ્યા છે. પોત પોતાના અનુભવ પ્રમાણે ને વલી શ્રી ગોકુલેશજીના પ્રાગટની પુર્ણતા અંતરધ્યાન લીલા પછી જે જે મહાભાગ્યવાન મહદ તથા ભકત સમાજ તથા ભગવદી લોક તથા વૈશ્નવ સાથ દ્વારા જે જે ટેકે, ધર્મે કૃતે, આચરણે, પતીવૃત અનન્યતાએ, સંજોગ, વિપ્રયોગાદીકે સેવા તથા લીલા, જશ ગાને માહાઉછવ તથા વાછલ્યતા પરસ્પર હીત સમંધે અનેક ભાંતે પ્રાગટની પુર્ણતા સીદ્ધ પ્રત્યક્ષ દેખાડી તો હવે જેમ શ્રી માહાપ્રભુજીએ અંતરધ્યાન લીલા દેખાડી તેમજ શ્રી મહાપ્રભુજીનાં લોકે શ્રીજીની નીકટ પધારી શ્રીમુખ જોયું. નિજ પ્રાગટની લીલા માંહે તાં સંજોગાત્મકે પ્રાબલ્યતા દેખાડી ને વિપ્રયોગ દશા માંહે એ મહદ ભકત ભગવદીય વૈષ્ણવ દવારા પ્રાગટની પુર્ણતા દેખાડી ને હવે તો, ન સંજોગ દશા, ન વિપ્રયોગ દશા તો પ્રાગટની પુર્ણતા કીયે ભેષાંતરે જણાય ?

ત્યાંહાં કહીયે છીએ જે શ્રી ગોકુલેશજી ઓવારી દાને પોતાનાં સાક્ષાત લીલા જુત, રસીક સ્વરૂપે શ્રી પાદુકાજી આદે દેઇને સ્વરૂપ સબંધી વસ્તુની સેવા આપી છે. તે સેવા દ્વારા સાક્ષાત પોતે પ્રગટ સ્વરૂપ સમાન બીરાજે છે તે માંહે સંદેહ સ્યો.

પ્રશ્ન :– રાજ એ સત્ય. સેવા રૂપે છે તે પ્રગટ સ્વરૂપ સમાન કેમ સંભવે ?

સમાધાન :– સાંભલો એ પ્રાગટ સર્વોપરતર શીખર એહવું ન હવું છે, ન હમણાં છે, ન આગલ થાવું છે એ માંહે તો સંદેહજ નથી. પણ પાદુકાજી આદે સેવા નીમીત્યે ઓવારી દાને માહા મોદ જુત પ્રહસીત વદને પોતાને સાક્ષાત સ્વરૂપની સ્થીતે જે દાન કીધું છે તે એટલા માટે જે જયારે ઉભય લીલા, સંજોગાત્મક તથા વિપ્રયોગાત્મક, એ ગોપ્ય એણે કરી નિપટજ શ્રી માહા પ્રભુજીની ને શ્રી માહાપ્રભુજીનાં નિજ ભકતની પુરણતા સીદ્ધ

થાશે ત્યારે શ્રી ગોકુલેશજીનાં પ્રાગટ ને કોણ જાણશે, તે કોણ ગાશે, ને ઉભય દશા માંહે પ્રાગટની પુર્ણતા જણાયે તે માહે આશ્ચર્ય ન ગણીયે પણ પ્રાગટની પુર્ણતા ત્યારે જ્યારે એહવું દશા ગોચરે તેણી જ ભાંતે સર્વ પ્રકારે ઉછવ મહોચ્છવ આદ દેઈને ચઢતી કલાએ વાજતે નિશાને ચાલ્યુ જાય તો તાં ત્યારેજ જ્યારે સ્વરૂપની સ્થીતી પ્રગટ હોયે ત્યારે જ ચાલે. નહીંતર ન જ ચાલ્યું. તો એ શ્રી ગોકુલેશજીનું સ્વરૂપ મહા અતુલી બલ રસીક લીલા સંજુક્ત તે તાં જે ભાંતે શ્રી રૂકમણીજીની કુંખે ગર્ભે સ્થીતે કરી પ્રાગટ કીધું તે રીતે.... ત્મ તો ન જ કરે... કરીયને પને........ જે કો પોતાના નિજ અનુભવીને કોઇ એક સૌભાગ્ય મદના ગર્વથી હીત અપરાધે અથવા સેવા સંકોચ કે અથવા વ્યાસંગનાં દોષથી અથવા કોઇ પ્રકારની માયાના અપરાધથી કો દિવસને ભોગ ભોગવવાને ભુતલ મધ્યે ઉત્પન્ન થાવું પડે ત્યારે તે કને અન્યાશરો તો કરાવવો નહિં, અણસમરપીત લેવડાવવું નહીં, ભગવદીયત્વ તેહ વીષે રાખવું, ગોપ્ય ભાવે વાછલ્યતાસું સેવા કરે, સનમુખ રાખવા વલી એ દેહનું પતન ભોગ પુર્ણ થાએ થાય ત્યાર પછી અપરાધ ક્ષમા કરી શ્રી ચરણ સમીપ લે. જોગ્યતા પ્રમાણે લીલા દરશન માંહે ફરી રાખવું એ શ્રી ગોકુલેશજીનું સ્વરૂપ તે જેહવું અચ્છન ધારાએ લીલા સંજુકતની તે રીત છે તે એહવુંજ અચલ અટલ દાને બલ તે એમજ છે. જે દાન કર્યું ટલે નહિં. માટે એ પ્રગટ સ્વરૂપની સ્થીત વિના આ મહા કલીકાલ મલેચ્છા આવરણ, કેવલ અધર્મ આચરણ માંહે એની રીતના દિગ્વિજય વાજતે ગાજતે સેવા પ્રકાર કરી કોણ શકે ? માટે એ તમો જાણો જે જ્યારે જેવી ઇચ્છા ત્યારે તેહવે સ્વરૂપે લીલા. ત્યારે મનુષ્ય નાટક વિપ્રરૂપે અનેક અવસ્થાએ લીલા કીધી. તે લીલા કરતા માંહે પ્રાગટની પુરણતા કરવી વિચારી છે ને પોતાના વર્યા જીવ અન્ય આશરે થવા દેવા નથી. એહવા અનેક કારણો વિચારીને પોતાના પ્રગટ સ્વરૂપની સ્થીત રાખવાને અર્થે પોતાની સ્વરૂપાત્મીક વસ્તુ સેવા રૂપે પોતાના અનુભવી લોકને પોતે દાન કર્યું. તે હવે ઉભય લીલા ગોપ્યે શ્રી ગોકુલેશજી પોતે પ્રગટ સ્વરૂપે દાનધીન થકા સાક્ષાત સેવા રૂપે થઇને પ્રગટ સ્થીતે બિરાજે છે. યા સમે એજ ભાંતીની ઇચ્છા છે માટે એહમાં સંદેહ કશો ન રાખવો. માટે જેહોને ભુતલ વિષે ઉત્પન્ન થયા પછી સાક્ષાત અનુભવ નથી ને તે વર્યા જીવ છે એ તો નીરધાર. તો તેહોને અન્યાશરા થકી અછુતા રાખવા છે તેહોની સનમુખતાની ઉત્કર્ષતાએ. તેહોનાં માત પીતા નિજ અંગીકૃત છે, કો મહદ છે, કો ભક્ત છે કો ભગવદી છે, કો વૈશ્નવ છે કો સ્નેહાત્મક છે, કો મહાત્મ સંજુકત છે. તો જેમ પોતાની નિજ પ્રાગટની પુરણતા જગત પ્રસીધ્ધ રાખવી તેમજ નિજ અંગીકૃત જનની પણ પુરણતા અનન્યતા પતીવૃતનાં લક્ષણ સહીત જગત પ્રસીદ્ધ રાખવી. માટે તેહોની સંતત રૂપે એ વર્યા જીવો પાસે એ સેવા પ્રગટાવી સેવા વાછલ્યતાસું મહદોકત પીઠીકાએ સેવા કરવાવે છે

થાય છે માટે સેવા રથીતે આગદ પ્રગદ શ્રી માહાપ્રભુજીયે કીધું છે માટે સમાન કહીયે છીએ, વલી સાંભલો ! જે જો સમાનતા માંહે' અણુમાત્ર ન્યુન હોત તો મહદ ભક્ત જે શ્રીજીના સ્વરૂપ સમાન તેણે વિપ્રયોગ દશામાં એ સેવા કરી, ભોગ રાગ શીં'ગાર આદિ કરી કરી દેહ સ્થીત રાખી. નહીં'તર જેહોને મહદ કહીયે છીયે તેહોએ એક શ્રી ગોકુલેશજીનાં રસીક સ્વરૂપ વિના જગતનું મહાતમ તથા રિદ્ધી ઉતકૃષ્ટતા ત્રણવત કરી લેખી તે વિના અવિલં- બન ટકેજ નહિં' માટે સં'દેહ મનમાં કશો માં રાખશો. તે સ્વરૂપનો અનુભવ એ સૃષ્ટી સેવા દવારા કરી કરે છે તેને કરી શ્રી ગોકુલેશજીનું' રસાત્મક સ્વરૂપ

પાંડવ તેમજ હતા, કર્ણ ધર્માત્મા, દાતા, જ્ઞાનમાર્ગી, ગાંધારી મોટી પતિવ્રતા, ધૃતરાષ્ટ્ર શકુની સર્વ ધર્માત્માં હતા, ભલા હતા તથાપિ તે વારે પ્રગટ કૃષ્ણ સ્વરૂપ તેથી વિમુખ હતા. માટે નીં'દીક થયા તથા દંડ પામ્યા. પાંડવ તથા દ્રૌપદી પ્રગટ શ્રી કૃષ્ણ માંહેં પ્રપન્ન હતા. તે માટે સરાહીયે છીએ. વ્રજમાંહેં ગ્વાલ સર્વ તથા પશુ પક્ષી કેવલ શ્રી કૃષ્ણ સ્વરૂપ તે માંહેં પ્રપન્ન હતા. તથા બીજા જે પ્રભુના ગુપ્ત સ્વરૂપ તેહોનાં નામ પણ ન જાણતા તે માટે સરાહીયે છીએ, ગાઇએ છીયે. (પુર્ણ)

માટે ઉપયોગની સૃષ્ટી એ સેવા પાદાર્વિંદસું પ્રપન્ન રહે. તેણે જ એહોનું કાર્ય સર્વ થાશે. વલી વિચારો ! જે શ્રીજીએ પોતાની નિજસૃષ્ટીને સેવા આપી, બીજાઓની પેઠે, પુજાદી કે લોક પ્રપન્ન ન કર્યા. એ સેવા વિષે પ્રપન્નતા રાખી માટે ઘણું કીંયાં લગી કહીયે. જેહને શ્રીજી તેના માતા પીતાની કાને જેને જણાવશે તે સહેજ માંહેંજ જાણશે, તેહવા આચરણ આચશેજ. માટે એ થોડા માંહેં સર્વે પ્રીછવું વલી જે એને માર્ગે આચરવું તે સર્વે સમાઇયે આચરવું. લોભ રહીત આચરે ત્યાંહાં સચાઇજ હોય ને અણુમાત્ર લોભથી આચરે તો ત્યાંહાં સચ્ચાઇ હોયજ નહિ. શ્રીમુખે કહ્યું છે જે લોભ છે તે એક પાપ છે તો

છોડીએ. સચ્ચાઈ હોય તો શ્રીજીની સનમુખતા માંહેં ક્ષતી ન થાયે. એકવાર શ્રી મુખે આજ્ઞા દીધી જે થોરોઉ હોય અરૂ સાચો હોય તો કાજ આવે અરૂ બહોત હે અરૂ જુઠો હે તો કાજ ન આવે. તેનું દ્રષ્ટાંત કહ્યું જે અરણ્યમાં પલ્લવ બહોત હોત હે. પલવ કહેતાં સહિત પોખર હોત હે તેહને કહીયે છીએ. વા પલવમાં શેર પાવ એક જલ રહયો હોય અરૂ કોઉ પથીક તૃષાક્રાંત શ્રમતિ આયો અરૂ પતુકી કરીકે એક બેર દો બેર મહોમેં મેલે તો વાકું રંચક સ્વાસ્થ હોય, શ્રમ મીટે ઓર અપની મજલ પહોંચવેકો સામર્થ હોય. અરૂ મૃગજલ ભ્રાંત કરીકે, જલકી, સંભાવના કરીકે કોઉ તા પાછે દોડે તો શ્રમ બહોત હોય, ખેદ પાવે અરૂ આશા ભંગ હોય, તાતે મજલ ચલવેકો પેંડેકો સામર્થ નહિં, દુઃખ પાવે એ જુઠે તે કાજ ન શરે તાતે થોરો હોય અરૂ સાચો હોય તો બહોત કાજ આવે અરૂ જુઠો હોય સો કછુયે કાજ ન આવે, ઉલટો દુઃખદાઇક હોય.

શ્રીજીએ શ્રીમુખે આગ્યા તો એમ કહી છે પછી નથી જણાતું જે શ્રીજી કોન ભાંતી માની લે છે પણ શીક્ષા તો એમ છે. માટે સેવારૂપે શ્રી ગોકુલેશજી પ્રત્યક્ષ બિરાજે છે. જેહોને જેહવા સ્વરૂપનું જ્ઞાન છે તેહોને ઘેર તેહવા સ્વરૂપે બીરાજે છે એ માંહે સંદેહ નહીં. ને એ અનુભવી લોકોની સંતત સ્વરૂપ સમંધની સૃષ્ટી ઉપયોગની માંહેં સંદેહ નહીં. પણ જે પોતાનાં સ્વરૂપને જાણે, પોતાના સ્વરૂપનાં કારણને જાણે. એમ જાણે જે હમારા જન્મ એ શ્રી ગોકુલેશજીનાં અનુભવી સ્વરૂપ સમંધી સૃષ્ટીને ઘેર પ્રાગટ છે, તે શાને અર્થે છે? હમારે શું કર્તવ્ય, હમારા માત પીતા એ સેવાના મંડાન કરી કરી એ સેવા દેખાડી છે તે શાને અર્થ એ રીતે પોતાનાનું ને પોતાનાં કારણનો વિચાર મનમાં રાખે, મહદ પ્રનાલીકાએ સેવા સ્વરૂપની કરે, સમાન ભાવસું મિલાપ રાખે, ખાન પાનનો સબંધ રાખે, દૈન્ય ભાવ રાખે, સ્નેહ વાછલ્યતા રાખે, લીલા ચરિત્ર સમાન શીલે મલી વાંચે, જુએ, મલી બેસી ચર્ચા કરે, તત્વ તારતમ્ય વિચારે, સ્વચ્છતા, પવિત્રતા સાથે રહે, ખાન પાન હાસ્ય હુલ્લાસે કરે. એક એકને અસોકર્યે જોગ્યતા પ્રમાણે કાજમાં આવે ત્યારે એ સેવાનું મંડાન સૌકર્યસું ચાલે ને સૃષ્ટી પણ શ્રીજીનાં દાન જોગ્ય હોય. એહવું કહયું. ત્યારે વલી.

પ્રશ્ન :- જે રાજે આગ્યા કીધી છે તે તો સત્ય. એહોને મલતી પાણે ખાન પાનની તો પ્રથાજ નથી. ને ખાનપાન વિના સ્નેહની અધીકતા હોયજ નહીં, મિલાપ હોયજ નહીં ને મિલાપ ન હોય ત્યારે સેવાના અસોકર્યે કોણ કોને કાજ આવે? જ્યારે મલતી પાણે ખાન પાનની પ્રથા હોય ત્યારે સર્વ બની આવે.

ઉતર :- જે મલતી પાણે ખાન પાન સર્વથા કરે, ખાન પાન મલતી પાણે ભાવ સુજાતીત્વે કરે તો કાંઇ બાધક નહીં.

પ્રશ્ન :- જે રાજે શ્રી મુખ વચને જે જે આગ્યા દીધી તે તો સર્વ પ્રમાણ. હવે એ રીતના શ્રીમુખનાં વચન સાંભલી જે કો એ સેવા સ્વરૂપ માંહાં સંદેહ લાવે તથા ઉપયોગની સૃષ્ટીમાં સંદેહ લાવે તે બહીરમુખ એમાં સંદેહ નહીં પણ એ સૃષ્ટીનો પ્રકાર રાજ કનેથી સાંભલ્યો એહ સૃષ્ટી એહવી તે સત્ય. એહ સૃષ્ટીનો અનુભવી લોકે આદર ન કર્યો તે મહદ ભકતે જે રીતે રાજ કહો છો તેહવી જાણીને આદર ન કર્યો. ને મેલવી પણ લીધી નહીં. જો એ ભાંતીની એ સૃષ્ટી છે તો શું એ પ્રકાર મહદ ભકતે જાણ્યો નહિ હોય? એ સર્વ પ્રકાર એ ભાંતની સૃષ્ટીનો ખાન પાનનો વિચાર ન કર્યો, એ ભાંતીની એ સૃષ્ટી છે તો મેલવી લેતાં શું બાધક હતું ? એ સંદેહ નીવરત કરો.

સમાધાન :- સાંભલો, એ સૃષ્ટીને જે એ ભાંતની કહીયે છીયે તે તો મહદને સમંતેજ કહીયે છીયે. તેનું પ્રમાણ :- જેમાંનાં એ એ કહેવાય છે તે એ સૃષ્ટીનો પ્રકાર તે તો મહદ ભક્તે રૂદેને વિશે ઉપજાવ્યું છે તે કહેવાય છે. તેનું પ્રમાણ તે એ જો એ જે સેવાનો પ્રકાર અને પ્રભુજીની લીલા ચરિત્રનો પ્રકાર એ મહદ ભકતે પ્રસીદ્ધ કરીને પ્રવર્તાવ્યા છે એ શ્રી ગોકુલેશજીની સેવા મહદોકત છે. એ સેવાનાં સૌકર્જના વાછલ્યનાં પ્રકારનો સોચ તે મહદ ભકતનેજ છે ને હવે ત્યાંહાં સેવાના પ્રકારનો સર્વત્ર અસૌકર્ય થાવા માંડયું ને એ ઉપયોગની સૃષ્ટી તે વૃથા થવા લાગી. તે એ સેવાનો પ્રકાર માર્ગોકત પીડકાએ વાછલ્યતાસું રાખવો જોઇયે. ને આણી પાસાએ એ સૃષ્ટીને પણ શ્રીજીનાં ચરણારવીંદે રાખી જોઇયે. માટે એ અનુભવી લોકની સંતત એ સેવાને વીશે પ્રપન્ન ન થાય ત્યારે એ સેવાનો પ્રકાર મહદોકત છે તે કેમ ચાલે ? માટે જાણીયે છીયે જે મહદ ભકતે એ સૃષ્ટી સાહામું કૃપા કટાક્ષે જોયું છે. એ સૃષ્ટીને ઉપયોગ આણવાની ઈચ્છા એ સેવા દ્વારા કીધી છે. હવે એ સૃષ્ટીની ચોકી એ સેવાનાં સૌકર્યને બેઠી, હવે એ સેવાનું સૌકર્ય એ સૃષ્ટી વડે માટે એ સૃષ્ટીની સંતત સામું કૃપા કટાક્ષે જોઇને પરસ્પર ખાન ખાનની આગ્યા કર્તવ્ય છે. માટે રૂદેને વીશે ઉપજાવે છે જેએ સૃષ્ટીનું મુલ સાચું છે ને એ સૃષ્ટી એ ધણીસુંજ સનમુખ છે. હજીયે અન્ય આશરે થઇ નથી ત્યાં સુધીજ જેહવી જોગ્યતાનું દાન કરનાર હશે તેહવું કરશે. એ અધીકાર પણ સેવાનો એ અનુભવી સૃ'ટીને છે પણ બીજાને છે પણ નહીં. જદપિ એ શ્રી ગોકુલેશજીની સેવા ઐશ્નેવ જે કો શ્રી ગોકુલેશજીના છે તેહાને ઘેર ઘેર દેશ પરદેશ સર્વત્ર બિરાજે છે પણ જે કો જે ભાંત્યનો સમાજ છે તેને ઘેર તેહનાં ભાવ સરખા થઇ બેસે છે. જદપિ શ્રી ગોકુલમાંહે સાક્ષાત નિજધામે જે શ્રી બેઠક જયાંહાં જે ઉભા રહી ઠામ ઠામથી અનુભવી લોકને દરશન આપે છે તે સ્થલે તે શ્રી બેઠકની તિબારી માંહે તેને સ્થલે ગાદી તકીયા ધોતી ઉપરનો ધરે, માલા તિલક સંજુકત નિજ બિરાજમાન છે. જયાં જેણે સમે પ્રગટ અનુભાવ જુત સર્વ આવરણ રહીત સ્વતંત્ર

દરશન આપે છે. પણ અનેક ભાવની સૃષ્ટીનાં ભાવ સંવલીતને સ્વરૂપે બીરાજે છે. શા માટે ? જે જેને ભાવે આવી દરશન કરે છે તેનાં ભાવ પ્રમાણે દરશન આપે છે. એમજ ભાવ પ્રમાણે સર્વના મનોરથનો અંગીકાર કરે છે. જે કો જેણે ભાવે સેવા કરે છે તેહ સેવા તેહેવા સ્વરૂપે માની લે છે. શા માટે ? દરશનનાં કરનાર ને મનોરથનાં કરનાર ને સેવાનાં કરનારને પ્રભુના સાક્ષાત સ્વરૂપનું ગ્યાન તો સર્વને સમ્યક પ્રકારે કીંહાંથી હોય ? પ્રભુ જે તેહના ભાવ અનુશાર પુર્ણ કરે તો પછે પ્રભુની પુર્ણતામાં ન્યુન ન કહેવાય માટે એ શ્રીજી શ્રી બેઠકમાંહે ગાદી તકીયે બીરાજયા થકા ભાવ પ્રમાણે સર્વનું પુરણ કરે છે ને હવે આજે વારતા કરીયે છીયે તે ભાગ્યવાન અનુભવી શ્રી પ્રભુજીનાં સ્વરૂપનાં સ્વતંત્ર જ્ઞાની પતિવ્રત ધર્મ અનન્ય મહદ ભાવીની સંતત અન્યાશ્રય થકી રહીત છે તેની વારતા કરીયે છીએ. એ મહા ભાગ્યવાન સૃષ્ટીનેજ એ સેવાનું દાન કર્યું છે તેહોને ઘેર તેહોનાં ભાવ પ્રમાણે કેવલ રસીક ભાવે પોતે અનન્ય સ્વરૂપે બીરાજે છે ને એ મહા ભાગ્યવાનની સંતતીમાં જેહ માહા ભાગ્યવાનોના ભાવની છાંયાની દશા વાલી છે, કણિકા માત્ર તેહને પેંડે ચાલે છે, શ્રીજીનાં સ્વરૂપ વિનાં શ્રીજીના માહાતમને ચીત આણુતા નથી. બીજા કેટલાએક સમાજની પેઠે બેહેકીને વહેતા નથી. માટે તેની વાત કહીયે છીયે. હવે છણાતાં છણાતાં બીજ માત્રેક રહી ગયું છે બાકી સર્વે એ ઠેકાણું મુકીને અન્ય સમંધી અન્ય આશરે થયા છે. તેહોની વાર્તા શ્રીજી જાણે પણ હમણા તો એ ભાગ્યવાન લોકની સંતતને ભાગ્યવાનો જે ભાવ તેની છાંયાએ છે માટે ભાગ્યવાનનાં ભાગ્યની સેવાની જોગ્યતાએ જે સમાજ છે ને એ ભાગ્યવાનમાં ભાવની છાંયા કણીકા માત્રની પણ જેહને જોગ્યતા છે તે હજી અન્ય આશરે થઇ નથી. માટે વલી પ્રીછજો જે બીજા કોટી અપરાધ એક કટાક્ષ માત્રમાં ક્ષમા કરે પણ જે અન્યાશ્રે થયું તેહનાં બીજા કોટી ગુણ પ્રભુને કાજનાં નથી. આન સમંધની ગંધ હોએ તેહની કાંધ કાપે. એ મુલ સિધ્ધાંત છે. શ્રીગુસાંઇજીયે શ્લોક કરી કહયું છે વલી સહેજ દ્રષ્ટાંત :- જે કોરૂં પાત્ર કંસારા વેંચે છે તો તેના હાટથી લાવી શ્રીજી આગલ ધરીયે છીયે, ભગવદી લોક જલ લેજ છે, રસોઇમાં કામ આવે છે પણ તેને જ્યારે તે છાંટ કુસંગની લાગી ત્યારે તે ઉતમ ઉપયોગનાં કાજથી ગયું તેવોજ પ્રકાર તમે ઉભય સૃષ્ટીનો પ્રીછી લેજો. વીસ્તારીને લખ્યાનું પ્રયોજન નથી. માટે જાણીયે છીએ જે મહદ ભકતે તે આન સમે ઇચ્છા કરી એ સૃષ્ટી વિષયક ઉપજાવી છે તે કહેવાય છે. એ સૃષ્ટીને એ શ્રીજીનાં ચરણારવિંદ વિના બીજા કોઇસું સમંધ જ નથી. તેહોસું જે કો ભાગ્યવાન અનુભવી સદપાગજ છે યા જેણે સમે એ સેવાનો સૌકર્જથી ને એ ઉપયોગની સૃષ્ટીને સાક્ષાત સ્વરૂપનો સમંધ કરવાવવાને અર્થ કેવલ પોતાના સ્વારથ રહીત કેવલ શ્રીજીને સબંધેની કેવલ ભાવે ખાન પાનની આગ્યા કરી સમંધની જોગ્યતા પ્રમાણે તો બાધક નહીં. એ સમે પોતાના શરીરને અસૌકર્જે આવશ્યકે

ખાન પાન કરવું પડે તો એ બાધક નથી. ચેહી શ્રીમુખ વચને ને મહદ આગ્યાએ ને એ પ્રમાણુ જે પોતાથી જે ભાવે ઉતકર્ષ હોય તેનો સંગ કરે, તેહની શીક્ષા લે ને ભાવે નીચો હોય તે ઉપર દયા કરે એ ઉતમ ભગવદીનું લક્ષણુ. વલી શીક્ષા સમાન શીલ સાથે મલે વસ્તુ ગોપ્ય રાખે જેથી પોતાનો ભવ પુરીત થાયે તેહજ સાથે મલે પણુ સંગ અવશ્ય કરે. વલી લોઢાને સત વરસ સુધી ધોઇયે તો ઉજલું થાય પણુ પારસ સ્પર્શ વિના સુવર્ણું ન થાય તેમ વસ્તુ ધણીની આપીજ પામીએ પણુ કીયાયે કાંઇ ન થાય. વલી અન્યાશ્રય, અભિમાન, વિષય, જે શ્રીજીનાં સ્વરૂપથી અણું માત્ર આન વિષે બાધક ભાવ. તે વિષે એ ગણુ પ્રકારમાં એક પ્રકાર જો હોય ત્યાંહાં સ્વરૂપની સ્થીત ન હોય, મુલજ બંધાય નાંહી.

તો હવે જુઓને! અનુભવીની સંતતને પાત્ર જોઇને હીતનું દાન કરે જે થકી એ શ્રી વલ્લભ ચરણારવીંદે સનમુખ રહે, ને સનમુખ રહે તો એટલા માંહે થકી જેનું ભાગ્ય ઉદય થનાર હોય. તું શું જાણે જે એ રસીકરાયજીનાં કીડા રસ યોગ્ય પાત્ર સીદ્ધ થઇ દાન રસ પાન કરી નિજ વલ્લભ રીઝવે. રીજી એ સામગરીનું કોન રૂચીસું કરી રસપાન કરે ? માટે કહીયે છીયે જે હવે એહોને ખાન પાનની આજ્ઞા હિત વિચાર કરતાં બાધક નહિં

પ્રશ્ન :- જે રાજ કહો છો એ રીતે તો સર્વ સત્ય પણુ એ વિચાર જેમ મહદ ભકતે હમણાં ઉપજાવ્યો તેમ ત્યારે પોતેજ ધુર થકી એ વિચાર એ પરસ્પરની પ્રથા કાં ન કરી આપી તે કહો.

સમાધાન :- સાંભલો! ત્યારે મહદ એ વિચાર કરત તો એ સ્વરૂપ સંબંધની સૃષ્ટીનું અકાજ થાત તે એટલા માટે, સાંભલો! એ જો સૃષ્ટી ઉપયોગની એ સૃષ્ટીને ખાન પાન આગ્યા કરત અથવા એહોસું ખાન પાનનો આદર કરવો તે કરત ત્યારે ભીન ભીન ન રહેત. ત્યારે પોતે પોતાનાનુ આપકો સાંભાલીને કરત. મહદ ભકતે ખાન પાનની એવડી ગાંઠ કરી તોયે એહવી ગાંઠે કોઇ રહી નાં શકયું. ખાનપાનની ગાંઠ ન રહે ત્યારે અનુભવી અનુભવીની અપેક્ષા શાને કરત ? જયાં સૌ આપ આપને ઘેર પોતાની સંતતજ પાસે સામગરી કરાવત ત્યારે એહજ પેંડો ચાલત ત્યારે જે અનુભવીની સંતત જેહનો અંગીકાર સાક્ષાત સ્વરૂપ બલે નથી કરવો તે પણુ એહજ પેંડો લેત. ત્યારે ભીનાભીન કશું જણાતજ નહિં. આમ તે ખાન પાનની બડી ગાંઠ જોઇને જેને અન સબંધ થાવું હતું તે ધીરજ મુકીને આન સંબંધી થયા ને આસુરીવત થયા એ આશા મુકીને. જેને શ્રીજીયે પોતાના સ્વરૂપ બલે અંગીકાર કરવો છે તેણુ એહવી ખાન પાનની ગાંઠ જોઇને પણુ ધીરજ રાખીને તે પોતે જાણ્યું જે એહજ પેંડો ઉતમ છે. જેમ જેમ તેહોનો અનાદર થયો તેમ તેમ તે સુવર્ણની પેઠે કસાયા તેમ તેમ ધીરજ રાખીને તેહોએ એજ પેંડો

ઉત્તમ જાણીને પ્રસન્નજ રહયા. પોતાના માત પીતાના ધર્મનીજ લજા લીધે રહયા, ખીક-કાએ રહયા, અન્ય આશરો કશો વિચાર્યો નહીં ને અનુભવીયે પોતા બારજ રહયો ને અનુભવી લોક સર્વ ઉતમ ભાવી પોતાનું આપ રાખી રહયા. સુધર્મે જે રહયા એ સ્વરૂપ સંબંધની સૃષ્ટીનું અકાજ કસું ન થયું ને વલી ઉપયોગની સૃષ્ટીનું પણ અકાજ ન થયું એટલા માટે જ. અકાજ થાત જે જ્યારે એ અનુભવી ઉત્તમ ભાવી પોત પોતાની સંતતને હાથે ખાનપાન કરત જે સમેમાં ત્યારે તે ભાંતની સૃષ્ટી અનુભવી લોકને દૃષ્ટીમાંજ ન લાવત; અનુભવી લોકથી પોતાને વીશે ન્યુનતા ત્રેવડતજ નહીં ત્યારે આરત મઇ ભાવના તેહને શી વાતની હોતી ? શ્રીજીનાં સાક્ષાત સ્વરૂપનું એ સમાજને દરશન તો હોતુંજ નહીં તો, શ્રીજીનાં સાક્ષાત સ્વરૂપને રૂદેમાંહે લાવી આરતે આલોચ કરત ને ખાન પાન તો સર્વેની સમાન હોત ત્યારે તેના રૂદે આરત તે કોઇ વાતની હોતે ? ત્યારે એ સમાજ પણ અકાજ થાત. એ શ્રી વલ્લભનાં મારગમાં આરત જોઇયે. આરત્યે દીન ભાવ હોય, દીનતાથી પોતાની ઉત્કર્ષતા આવે જ નહિં, વલવલતો જ રહે, પોતાનું અભાગ્ય માનતા રહે, જે મુહને તેહ સમયમાનું દરશન ન થયું, જેમ આ અનુભવી સમાજને શ્રીજીનું દરશન થયું, શ્રીજીની લીલાનો અનુભવ થયો. એહોએ કર્યો તેમ હમને ન કર્યો ને ગીનતીમાં ન ગણાયા. શ્રી ગોકુલેશજીના ચરણારવીંદ સાક્ષાત સ્પરસ્યા નહીં એહવો તે મંદભાગી છું. હવે એ અનુભવી લોક દયા કરે તો શ્રીજી મને દરશન દાન દે તો હું એ અનુભવી લોકની પંગત્યે બેસવા જોગ્ય થાઉં. જે ભાંતે એ અનુભવી લોક રીઝે તે ઉપાય કરૂં, મારૂં તન વારી નાખું કે સંપત સમાન ધન વારી નાખું. એ રીતે મનશા વાચાએ આરત સંજુક્ત મનોરથે તડફડતો જ રહે. સ્ત્રીદુવારા, પુત્રદુવારા સેવાએ જો જો પ્રસન્ન થાય તે કરૂં, એ અનુભવી સમાજ માંહે જ એકે કોઇ ભગવદી પ્રસન્ન થાય તો પ્રસન્ન કરીયે તો શ્રીજી સર્વથા પ્રસન્ન થાયે જ થાયે, એ શ્રી ગોકુલેશજીને પ્રસન્ન થાવાની વાટ તે એ અનુભવી લોકની પ્રસન્નતા છે. એણી રીતે અનુભવી લોકસું નિરદોષતાએ રહે, એહોને પ્રસન્ન થાવાની વાટ ખોળતાજ રહે. એમ કરતાં એ જો ઢીલ થાતી જાયે તો પોતાનોજ દોષ માને, પોતાના ભાગ્યની હીનતા માને પણ મનશા વાચાએ કરી એ અનુભવી લોક ઉપરથી મન કેમે ન ઘટાડે. જેમ જેમ ઢીલ થાય તેમ તેમ અધીક જ ઉદ્યમ કરે પણ હારીને નવ બેસી રહે, કો બીજો અન્યાશરો ન કરે ત્યારે જઇને યે ઉપયોગની સૃષ્ટીને સ્વરૂપ સમંધ થાવનો અધીકાર થાય. તો તમે જુઓને ! એ ઉપયોગી સમાજને ત્યારે મહદ ભકતે ખાનપાનનાં અધીકારનું દાન કરી મેલાવી લીધા હોત તો તે અનુભવી લોકને દૃષ્ટીમાંહેંજ ન લાવતે. અનુભવી લોકથી ઉંચાજ ચઢી બેસત ત્યારે એહનું અકાજ થાત કે ન થાત ? માટે ત્યારે એ મહદ ભકતે એ વિચાર ન કર્યો કારણ કે એ સમાજનું મહદ ભકત અકાજ કેમ થાવા દે ? માટે એ ખાનપાનની ગાંઠ કીધાં થકી એહુ

સમાજની રક્ષા થઇ એ કહયું. માટે હમણાં આ સમેમાં એક રસ ન રહે તો સેવાનું સોકર્જ નહીં માટે હમણાં એક રસની આગ્યા કરવી ઉચીત છે. ત્યારે વલી પ્રશ્ન કરે છે.

પ્રશ્ન :- ત્યારે જો અનુભવી લોકોએ વિચાર ન કર્યો તો હવે કોઇ શાને કરે ?

સમાધાન :- હવે કરવાનું કારણ તો ઉપર કહી જ આવ્યા છીએ ને વલી કહેવાય છે તે સાંભલો ! એ શ્રી ગોકુલેશજીની સૃષ્ટીને સ્નેહ વાછાલ્ય ધર્મ જોઇએ. એ પ્રભુ સબંધી વસ્તુ ઉપર ને એ વસ્તુ જે છે તે કેવલ સ્વરૂપાત્મક સેવા રૂપે બીરાજે છે. એ સ્વરૂપાત્મક વસ્તુ તે સેવાનો વિચાર વાછલ્યે સોકર્જનો એ જે અનુભવી સમાજ છે તે ન કરે તો કોણ કરે ? માટે સર્વથા એ એ વિચાર એ લોકને ઉચીત છે ને તે એ અનુભવી સમાજની ઉઠતી ચોકી છે. હવે જે કોઇ છે તે શ્રીજીને નિકટ પધાર્યાને માર્ગે જ છે તો સ્વરૂપાત્મક સેવા રૂપી આ સાધનને ભંડારે સોંપે તો તેહને પ્રથમ જોગ્યતાનું દાન ન કરત તો તેહ એ પદારથને સાંચવી ન શકે' ને તેહને દ્રઢતા કેમ હોય ? તેહનું મન કેમ વાધે ? માટે એ સ્વરૂપાત્મક વસ્તુનું સૌકર્જ એહોને વિચારવું ઘટે છે. ન વિચારે તો મોટા અપરાધી જોગ્ય છે. માટે એ વિચાર કરવો ઉચીત છે ને કોઇ પોતાના લોભને કે પોતાની પ્રતિષ્ઠાને નથી કરતાં એ કેવલ સ્વરૂપાત્મક વસ્તુની રક્ષાને હીતે કરે છે. મહદ ભકતે જે રૂદેને વીશે જે વિચાર ઉપજાવ્યો છે તે કરતામાં બાધક શી છે ? બાધક નથી. અને જેહવું શ્રી ગોકુલેશજીનું સ્વરૂપ નિષ્કલંક છે તેહવા જ તેના દાન પાત્ર ભગવદી નિષ્કલંક છે. તો તે નિર્લોભતાએ એક રસે ને કેવલ પ્રભુજીના સમંધ ઉપર દ્રષ્ટી રાખીને કરશો. સ્વરૂપાત્મક વસ્તુનો સોકર્જ ને વાછલ ધર્મે કરશે ત્યારે શું બાધક થાશે ? એ વસ્તુમાં કાંઇ બાધક નથી. એ રાજે કહ્યું તે પ્રમાણ. પણ હેઠી પંગતી તો ખરી.

પ્રશ્ન :- જે આટલા દહાડા કાંઇ ન કીધું તો હવે ભેલા ભેલાય ખરાં ? સર્વની ગતી સરખી તો નહીં. હેઠી પંગતીથી કોણ બેસે ? સૌ કોને છે તે જો પ્રભુની ઇચ્છા હશે તે થઇ રહેશે.

સમાધાન :- ઉંચી પંગતી તો સર્વથી તે જે શ્રી ગોકુલેશજી પ્રગટ સ્વરૂપે બીરાજમાન શ્રી ગોકુલ તથા ગોવરધનની બેઠક માંહે બીરાજી લીલા ચરિત્ર ભાંત ભાંતની કરે છે તેના અનુભવ સાક્ષાત સર્વ કોઇ કરે છે, શ્રીજીને નખ થકી તે શીખ પરીચંત ધોતી ઉપરેણા ને માલા તિલક સંજુકત પ્રેમ સહીત નીરખે છે. સર્વ થકી પંગતી તો એ છે કે એથી ઉંચી પંગતી છે તે રહસ્ય લીલાની છે. મુલ પ્રાગટ દીશાની લીલા જાવદીકનો અનુભવ તે તો સર્વથી ઉંચી પંગતી. કેવલ ઉંચી પંગતી વલી તે છે જે શ્રી મહારાજે નિત્ય આનંદ ભેર ગોપ્ય લીલાનો વિચાર કર્યો પછી રમણ સ્થલે માહા ભાગ્યવાન સમાજ દેહનો તિરસ્કાર

કરી કરી જે મહારાજને રમણ ધામે પ્રેમે મલ્યા–કેવલ એ ઉંચી પંગતી. બાકી જેણે પોતાના પ્રાણ પ્રિયના વિયોગે તે દરશન વિના વૃથા જીવતવ્ય કીધું, ત્યારે નીચી પંગતી માંહેં બાકી તે શી રહી ? સાંભલો ! એ કોઇને હાથ નથી. એ સર્વં પ્રભુની ઇચ્છાને આધીન છે તે તો શ્રી વચનામૃત માંહેં કહે છે. વચનામૃત :-

'જે ભગવદી લોકકો જન્મ તે મરણ પર્યંત હોવે સો સબ ભગવદ ઇચ્છા પ્રમાણે હોયે.' જો શ્રીજી એહ ઇચ્છા કરતા જે મહારી એ સૃષ્ટી સર્વે મારી સાથેજ આવે ત્યારે એ માહા ભાગ્યવાન સૃષ્ટી સર્વ શ્રીજીની સાથેજ થાત. પૃથ્વી માંહેં કોઇ રહેત શાને ? પણ તે જેના રસની જેણી ભાંતે જેણે સમે ઇચ્છા કીધી તે તે તેની ભાંતે તે તેને સમે જઇ શ્રીમુખ નીરખી મનોરથ સાફલ્ય કીધા ને વલી જેકો ભાગ્યવાનની સ્થીતી છે તેહની પણ જયારે સુરત પ્રાણ-નાથ કરશે ત્યારે તે પણ તેણે સમે જઇ મનોરથ સાફલ્ય કરશે માટે ભગવદી લોકનો વિચાર સર્વ ઇચ્છા આધીન છે. એ મહદ ભકત સર્વ ઉપર જે પોતે શ્રી પ્રાણપ્રીયને વિપ્રયોગે વિપ્રયોગની અસહનતાએ એક પલ દેહની સ્થીતી ન રાખી અનેક ભાંતતે દેહી સમેત તિરસ્કાર કરી પ્રાણ પ્રિયજીને નીકટ પધારી ઉભય મનોરથ પુરણ કીધા તે મહદભકતને સરાહીયે છીયે, ગાઇયે છીયે ને વલી શ્રીવલ્લભજીને મલવાનો માર્ગ સર્વને દેખાડયો તે રીતને માર્ગે દેહના તિરસ્કાર કરી કરી સુરત્વપનશું જઈ સર્વ મનોરથ પુરણ કીધા. વલી એક મહદ તેહોએ માહા દારૂણ વિપ્રયોગ કોટી દાવાનલ સમાન પ્રાણથી પણ અધીક એહવો વિપ્રયોગ સહીને પોતાનાં દેહની સ્થિતિ રાખીને રહયાં. સાક્ષાત ધર્મી સ્વરૂપથી છુટીને પુષ્ટી પંથ મુકીને મારગ મરજાદા દ્વારા ચાલવાનો ઉદેશ ધર્યો તે એતનમાર્ગી છે. કેવલ પુષ્ટ પુષ્ટ વરણ છે તેને મરજાદા માર્ગે કેમ ચાલવા દે ? ત્યારે એ મહદ ભકતની સ્થિતિ કરવાવી જેહોના પુષ્ટી માર્ગ વરણ છે તેહોની રક્ષા કરવાવી ને સ્વરૂપ આરત્ય, જશ રાખ્યા ને તેહોને અન્ય આશરો થાવા ન દીધો. તેહોની રક્ષાને અર્થ એ પાદારવીંદ આદે શ્રીજી સ્વરૂપાત્મક વસ્તુની સેવા પ્રાગટય વાજતે નિસાને પ્રગટ વિસ્તાર પુર્વક કરાવ્યું ને સર્વના મન પુષ્ટી ધર્માશ્રીત કીધા. એણે અવલંબને ભગવદી લોકની સ્થીતી રાખીને કાલ વીતીત કીધા ને હજી પણ કરે છે. ને વલી મહદ ભકતે શ્રીજીનાં લીલા ચરિત્ર તથા સ્વરૂપ વર્ણન આદે દેઇને પોતે ભાંતે ભાંતે પ્રગટ કરીને, વલી ભગવદી લોક પાસે અનેક આદર કરીને લીલાનો જશ વર્ણન પ્રગટ કરાવ્યો. જે બેહુ અવીલંબને દેહ સ્થીત રાખીને શ્રીજીના સ્વરૂપ સંગમનો અભીલાખ આરત્યે મનોરથ રાખ્યો ને શ્રી ગોકુલેશજીનાં સ્વરૂપ વિના સર્વ તુચ્છ કરી ગણ્યું. અંતઃકરણને અણુ વ્યાસંગ વ્યાપવા દીધો નહીં. એ શ્રીજીયે એ મહદ ભકત દ્વારા એ બેહુ ધર્મ પોતાના મનોરથના એવા પ્રગટ કરાવ્યા જે પોતા સમાન. તો એ સર્વ પ્રભુની ઇચ્છા આધીન છે. એક મહદને રાખીને અંગ સ્પરસીત વસ્તુ શ્રી અંગ સમાન કરીને ઈચ્છા સમાને ભગવદી લોકને

સેવા અરથે ભાવાધીન કરી આપ્યું પોતે પ્રગટ લીલા માંહેં. તે સર્વ ભગવદી લોકે મનોરથ પુર્વક માથે ચઢાવી આદર કરી કરીને તે કને સર્વે ભગવદી લોકની રક્ષા કરવાવી ને પોતે વલી પોતાનાં પાદારવીંદ આદે શ્રી ઘેર ઘેર પધરાવ્યું તે સેવા નીમીત સર્વ પધરાવ્યું ખરૂં. પણ પ્રાગટ દિશા માંહેં સાક્ષાત સ્વરૂપનાં દર્શન વિના એ વસ્તુનો કોણ આદર કરે છે ? એક સમરપીત લેવા લગણ તાત્પર્ય બાકી સર્વ ચાલતી સેવા થાય. જ્યાંહાં કોટી વીધ્રી સૂર્ય પ્રકાશે શ્રી ગોકુલેશજીનું સ્વરૂપ સાક્ષાત પ્રગટ પરમાનંદ લીલાએ બિરાજે તે દરશન મુકીને સેવા સમંધ મુકી ધર્મીસ્વરૂપ બિરાજતા એ ધર્મસ્વરૂપને કોન વલગે ? પણ શ્રી માહાપ્રભુજીને એ વાતનો મનોરથ જે મારી જે સ્વરૂપાત્મક વસ્તુ પાદુકાજી આદે દેઇને છે તે સર્વ મુજ સમાન છે તેની સેવા માહાભગવદી જેમ વાછલ્યે મારી સેવા કરે છે તેમ મારી વસ્તુની સેવા કરે. પણ તે તાં પ્રાગટ દિશા માંહે તો એ થઇ ન શક્યું પણ પ્રભુનો મનોરથ વૃથા કેમ થાય ? પછે જ્યારે પરોક્ષ દિશા દેખાડી ત્યારે વાછલ્ય મહદ ભકતની સ્થીત રાખીને પોતે કૃપા કટાક્ષ સંજુક્ત આપી હતી તે વલી મહદભકત પાસે પ્રગટ કરવાવી ને ભગવદી લોકે આદરી એહવી એ શ્રીજીની સ્વરૂપાત્મક સર્વો ઉપર શ્રી અંગ સમાન શ્રીજીની આપેલ સેવા તેહોનાં સૌકર્ય અર્થે એ ભગવદી લોક વિચાર ન કરે તો બીજો કોણ કરે ? બીજા એ સ્વરૂપને જાણે જ શું ? બીજા તે જેમ મહદભક્ત દાદા નારાયણજી કહી આવ્યા છે જે 'ચર્મ ને ચીર સરખા વખાણે' માટે એ સ્વતંત્ર ભાવે પ્રભુનાં સ્વરૂપ જાણવાનો અધીકાર તે એહજ લોકને છે. ને સ્વતંત્ર ભાવે એ સેવાનો અધીકાર જેહવો એ ભગવદી સ્વતંત્ર ભાવીને છે તેવી રીતે બીજાને છે જ નહીં એ જ લોકને છે. માટે એ એ સેવાનાં સૌકર્યનો વિચાર કરતાં નીચી પંગતી તે કહી ? નીચી પંગતીનો પ્રકાર હું તાહાં ઉપર કહી આવ્યો છું તે શ્રીમુખ વચન પ્રમાણે છે જે 'પ્રીય સંગમ રહીત વ્યર્થ સર્વ મનોરથો' માટે એ વચન તો થઇ ન આવ્યું. તે ન થઇ આવે તે સારૂં પોતાના સુખાર્થ સ્વારથ રહીત અનેક અનેક ઉદ્યમ કરી જતન કીધા. જે જે વસ્તુ શ્રીમુખે માહા સૌભાગ્ય સમયમાં એ ભગવદી લોકને વરજી છે તે તે સાંભલી છે તે તે વસ્તુનાં મહદભકતે ત્યાગ કરી કરી દેખાડયા છે તે તેના આદર સહજ સહજમાં અપ્રાગટ દિશામાંહે થઇ થઇ આવ્યા છે. નીચી પંગતીનો સોચ પોતાના સુખ સ્વારથ તાં થઇ ન આવ્યો. તે વીશદ કયાં લગી કહીયે. માટે નીચી પંગતી તે એજ માંહે સ્વારથ હીત જીવે વિચાર કરીયે તે સર્વ બાધક કરે. સાંભલો ! લોક કહે છે જે પરમારથ અરથે કરીયે તે બાધક નહીં. ને આતો પોતાનાં પ્રાણ પ્રીયજીની વસ્તુ સેવાત્વે ફલ તેનો વાછલ્ય વિચાર કરતાં કેમ બાધક થાય ? વલી તમે કહ્યું જે એ સેવાના સોકર્જનું પ્રભુની ઇચ્છા હશે તે થઇ રહે. તે તમે સાંભલો ! એ શ્રીગોકુલેશજી સકલ સામર્થવાન છે, મહા અતુલીબલ છે, ને થાશે તેહ જેજે રીતે ઇચ્છા હશે. પણ એ વિચાર એતનમાર્ગી ભગવદીયનો ન હોએ. એતન-

માર્ગીય ભગવદીને તો વાછલ્ય ધર્મ જોઇયે. એ તમે શ્રીમુખના વચનામૃત સાંભલો તે કહું છું. જે ઉપર કહીજ આવ્યા છે જે 'એતનમાર્ગીય ભગવદીયે નિશ્ચીંત રહેનો નહીં', ઇચ્છા માની કરે હે, જગદીશકી ઇચ્છા તે હોયગો એ જ્ઞાન માર્ગીયકો પેંડો, આપને મારગમેં આરત ચહીયે, અહો રાત્ર પણ વિચાર પર રહેનો અરૂ વસ્તુ સિદ્ધાંત કરી વાધી તાકો અવિશ્વાસ ન કર્તવ્ય. કરે તો નષ્ટ જાયે.' વલી શ્રીમુખે કહયું જે 'ઉત્તમ વસ્તુ રાખવાને બંટા કરાવીયે છીયે, તે શા માટે જે ઉતમ વસ્તુ હીરા માણેક મોતી અનેક પદાર્થ તે મુકે કયાંહા ? માટે બંટા પ્રથમ કરવાવે' તેમ ઇહાં હીનતા રૂપી બંટો હોય તો વસ્તુ રહે. ત્યાંહાં કહયું જે 'ભક્તને દૈન્યમેક સાતમાન રહીત દૈન્ય રૂપી બંટો હોય ઓર વિવેક વિચાર રૂપી ગઢ હોય તો વસ્તુ રહે' એ રીતે શ્રીજી શ્રીમુખે આગ્યા દે છે ત્યારે ઇચ્છા માનીને એતનમાર્ગી હોય તે કેમ નિશ્ચીંત થઇ રહે ? ને જો અનુભવી સાથ છે તે તો હવે પધાર્યા ને છે તે પણ પધાર્યા માંહેંજ ત્યારે સેવા રૂપી આ ધનને એ યોગ્યતા રૂપી બંટો જોઇયે. એતનમાર્ગી ભગવદીની સંતત ન કરે તો એ સેવા રૂપી ધનનું જતન કોણ પેંડે થાશે ? માટે એ જતનને અર્થે જે કરીયે તેમાં બાધક કાંઇ નથી. એ વાતે હેઠી પંગતી નથી, એ નિરધાર છે.

પ્રશ્ન :- વલી કોઇ કહેશે એ અનુભવીની સંતત તો ખરી પણ એહોને શ્રીજીનું સાક્ષાત દરશન તો નહીં. ત્યારે સાક્ષાત સબંધ નહોતો એ કહયું પણ પ્રસંગ નહીં તો એહોની એવડી શી યોગ્યતા જો તમે કહો છો. જે એક સમે અનુભવી ભગવદીયને આવશ્યક આવી બને તો એહોને હાથે ખાન પાન કરે તો પ્રથમ થઇ ન આવ્યું ને હવે કરે તો એહની અપ્રતિષ્ઠા થાયે, કોઇ એમ કહેસે.

જવાબ :- ત્યાં તેહને કહીયે છે જે તેહને સાક્ષાત દરશન નથી. તે એહવું કહેનારની દ્રષ્ટી વડે પડતું હશે. એ અનુભવી લોકની સંતત છે તે સર્વ કારન બંધી છે. એ કાંઇ લોક વ્યવહાર ન્યાયે નથી. તે પ્રથમ કોણ જાણે કોણ જોનીયે હતું ને હવે કોણ જોનીયે આવ્યો છે. અનુભવી લોકની સંતત છે તે અનુભવીજ છે તે તેહોની ક્રીયાથી જણાય છે. એ જે શ્રીજીની સેવા કરતાં અથવા દરશન કરતાં કશો એક અપરાધ પડી જાય છેજ તે થકી અંતરાયનો ભોગ ભોગવવાને ફરી ભગવદીને ઘેર જનમ લે છે માટે એહને પુર્વે દરશન સાક્ષાત શ્રીજીનાં સ્વરૂપનાં છે જ. ને વલી આગલ પણ એ દેહને પતને એહની યોગ્યતા સારૂં એહને સાક્ષાત સ્વરૂપનું દરશન થાશેજ થાશે એમાં સંદેહ નહીં.

પ્રશ્ન :- વલી તમે કહેશો જે એ તમે કેમ જાણ્યું જે અનુભવીને ઘેર અનુભવીજ આવે છે અને વલી તેને પણ આગલ સ્વરૂપનો સબંધ થાશેજ ? તેનું સમાધાન સાંભલો.

જવાબ :- જે દ્રષ્ટી જુઓ જે શ્રીજીની સૃષ્ટી તો અસંખ્યાત. તેટલામાં કેટલાએક ભગવદીનો વિચાર જુઓ ! જો તેહોને ઘેર સંતતનો ઉદભજ ન થયો ને વલી જે જે ભગવદીને

ઘેર સંતત થઈ તે માંહેથી જે જેણે માર્ગે થાવી હતી તે તેણે માર્ગે થઇ ને તેને આશરે થઇ, વર્ણ પ્રમાણે માર્ગે લાગી. હવે આ ભરૂચી સાથ માંહેંજના દશ પાંચને ઘેર છે જેહાનું વર્ણ શ્રીજીયે પોતે વિચાર્યું છે. તેને અન્યઆશરો થાવા નથી દીધો. તેણે જાણીયે છીયે જે એ સૃષ્ટીનું વરણ પોતે વિચાર્યું છે તેહાનો વિચાર કહીયે છીયે ને તેહાની ક્રીયા ને સનમુખતા જોઇ, ધીરજ જોઇને કહીયે છીએ તે સાંભળજો ! એ વર્યા જીવ ન હોય તો એ જે શ્રી ગોકુલેશજી જે ઘેર સાક્ષાત પ્રમાણે બિરાજે છે ત્યાં એ ગડુઓ ભરી શકે ? માટે તે જાણજો જે એ અનુભવી પાત્ર છે તે ભગવદીને ઘેર ઉત્પન્ન થઇને ભગવદ્ કાજ કરતાં જ ઉઠે છે. તેહોથી જાણજો જે એ ભગવદી જીવ છે ને વલી તે માંહાં જે મહદ ભાવનો પક્ષપાતી છે, મહદ ભાવ વાહાલો જેહને, જે મહદની દયાનું પાત્ર એહને કશી છોત લાગી નથી એ અનુગ્રહી જીવ છે તે માંહે સંદેહ નથી.

પ્રશ્ન :- વલી કો કહેશે જે એહાને સ્વરૂપનું દરશન થાતું ? તે તમે કેમ નિરધાર્યું ? તે સાંભલો ! જે કહીયે છીએ.

જવાબ :- જેને શ્રીજીનાં ચરણારવીંદ વિના બીજી વસ્તુનું જ્ઞાન જ નથી. તેહાને સદૈવ શ્રીસ્વરૂપનુંજ દરશન છે. અપરાધોથી ફરી મહદ ભગવદીને ઘેર ઉત્પન્ન થઇને એ શ્રીજીનાં ચરણારવીંદ સનમુખ છે. બીજું કાંઇ જાણતાજ નથી. માટે જાણીયે છીયેજે એહ જીવને અંતરાય કેમ થાશે? એ દેહને પતને એહાને સાક્ષાત દરશન છે જ એ માંહાં સંદેહ નથી,

પ્રશ્ન :- વલી કહેશો જે સાક્ષાત સ્વરૂપ દરશન નહીં ત્યારે સાક્ષત સબંધ તે ક્યાંથી થાશે ? તે સાંભલો.

જવાબ :- જે સબંધજ પણ થાવો છે એ પણ નિરધાર છે તે એટલા માટે જે જેહાને એ સ્વરૂપનું ધ્યાન આરત જયુત છે તેને સ્વરૂપ સબંધ શ્રીજી કરવાવે, એ પ્રભુની ઇચ્છાનું જ કારજ છે જે જેહને સ્વરૂપ સબંધ થનાર હોય તે તેસુંજ અટકે એટલા માટે પ્રીછજો. માટે જાણીયે છીએ જે અનુભવીની સંતતને શ્રીજીયે પોતાના ચરણારવિંદસું અટકાવી રાખ્યા છે વિશ્વાસ પુર્વક તો એસું સ્વરૂપ સબંધ છે. જેને વલી એ દેહ પતન થયા પછી જોગ્યતા પ્રમાણે સ્વરૂપ સબંધ કરાવશેજ એ માંહાં સંદેહ નહીં. ત્યાં વચનામૃત પ્રમાણે 'જે કુમારીકા છે તેને ઉરસ્થલ નથી આવ્યા ને તે આવવાની સંભાવના પણની પણ તેને ઠોર ઉરોજકુલ આવવાની આશા છે માટે સહેજેજ તેના વતી ઢંકાઈ જાય છે' એ શ્રી મુખે કહ્યુ'. મોરનાં બચ્ચાનું દ્રષ્ટાંત કહ્યું છે. જે 'નર છે તેને પાંખ આવનાર છે તે પાણીમાં ચાલે ત્યારે પાછું જોતો જાય છે જદ્યપિ પાંખ નથી તદપિ જાણે છે જે રખે મારી પાંખ ભીંજે ને ઢલ છે તે સુધી પાણીમાં ચાલી જાય છે' જેમ તેહાનો અંગીકાર કરનાર શ્રીજી સ્વરૂપ બલ છે. સ્વરૂપ સબંધ કરાવનાર છે તે તો મનમાં બીતાજ રહે છે જે રખે મને આન સબંધની ગંધ લાગે. તો તેની દ્રષ્ટી પોતાના માત પિતાની ચાલ ઉપરજ રહે છે માટે

જાણીયે છીયે જે એહોનો અંગીકાર સ્વરૂપબલે કરી સ્વરૂપ સબંધ કરવાવશે ને ડેલવત છે તેને પંખ ન આવનાર હોય ત્યારે તે પંખ ભીંજ્યાનો ભય ન કરતા જેહને સ્વરૂપ સબંધ થવાનોજ નથી તેહોને આન સબંધ કરતાં શાની ગ્લાની ? જેહને સ્વરૂપ સબંધ છે તેનો પ્રકાર પરમ સૌભાગ્યનાં વર ભકત રાજ કેવલ સ્વરૂપ સબંધી ભાઇ શ્રી રાજારામભાઈ ચાવડા ક્ષત્રી તેનાં મુખનો દુહો :-

પ્રીતડી તોહું મરવું ઓર ન દુજી કંત
જો હંસી બોલું ઓરસું તો નીલ રંગાવું દંત

માટે જેહોને શ્રીજીયે સ્વરૂપ સબંધ કરવાવવો છે તેહોની એ સહેજ દશા છે માટે તેહોને સ્વરૂપ સબંધ થાશે માટે એ સામગ્રીનું એ અનુભવી લોક જતન કરવાનો કોટ કરે તો તે કોટને જતને એ સામગરીની વાછલ્ય ધર્મે રક્ષા થાય પ્રભુને અતુલી બલે. પ્રભુ તો ઈચ્છાનુશારે કરશેજ પણ ભકતનો ધર્મ જે પ્રભુનું વાછલ્ય વિચારે પ્રભુનું સુખ વિચારે, માટે એતનમાર્ગી ભગવદીયે એ જતનનો વિચાર કરવો. ને શ્રી ગોકુલેશજી તો સર્વ નિજ ઇચ્છા પ્રમાણે કરશે જ તાં પણ મહદ ભકતના ભાવની સ્થીત છાંયા માત્રેક આજ સુધી કહીં કહીં રહી ગઇ છે. જેને શ્રીજીનાં ચરણારવીંદ વિના બીજા કાંઇ પદારથની ગંધ નથી એ વિચારે કો કો એક છે. તે જ્યારે સર્વવાતે અનાદર પામશે ત્યારે ધીરજ મુકીને ભૃષ્ટી સૃષ્ટી પ્રવાહે જઇ જઇ મલશે. સબંધના રૂપને તો કોઇયે જાણવું નથી. ને પોત પોતાની બડાઇનાં અહંકારમા તણાઇ જવું છે. સબંધ લીધે તો કોઇયે રહેવુંજ નથી માટે તાણીને કહેવું પડે છે. વલી તમે કહે છો જે :-

પ્રશ્ન :- મહદ ભકતે તો એ વાતનો આદર તો કર્યો નહીં.

જવાબ :- તેનું સમાધાન ઉપર તો ઠામે ઠામેજ કહી આવ્યો છું તો વારે વારે શું કહીયે ? પણ ત્યારે તેઓએ આદર ન કર્યો તે તેની રક્ષા થઈ ને હવે આદર કીધેજ રક્ષા થાય છે. આની પાસાં એ ઉપયોગીની રક્ષા, આની પાંસાં એહોની રક્ષા એ મહદ ભકતના ભાવનું બીજ સ્થાઇ એ શુદ્ધ ભરૂચી સાથ નિરાવર્ણ ભાવી કહેવાય છે તો એ નામ રહે ને ભાવે વાછલ્યતાએ એ સેવાનું સૌકર્ય એ બેહુ ઉત્તમ પદારથની રક્ષાને અર્થે વિચાર કરતાં કાંઇ બાધક નહીં. એ બેહુ તો જે મહદ ભકતનાં સમંતે શ્રી ગોકુલેશજીની ઇચ્છાએ ઉપનું છે તે લખ્યું છે.

એ વાંચી જે કો ભાગ્યવાન અનુભવી સમાજ છે તે બલાબલ વિચારીને ચીતમાં ધરી જો જો ! એ માંહા કાંઇ બાધક નથી હોતો. એ તો એ અનુભવીની સંતતને એ માર્ગની આગ્યા દેઈ સમજાવી કહીને વૃથા અભિમાન તેહોનું પહરૂં કરીને જોગ્યતા પ્રમાણે અધીકાર ભેદે ખાન પાનની પ્રથા થાય તો એ કો રહે તો સેવાનાં વાછલ્ય માંહે ન્યુન ન થાય.

લી. સેવા ઈચ્છીત મહદ ચરણજ અંશ

નાગરદાસ ગોકુલભાઈના

મોટ દંડવત માન લેયો

સંપુર્ણ